# પાઠ - ૧૭ ખ્રિસ્તી કુટુંબ

**યાદ રાખો :** *"સ્ત્રીઓ, જેમ પ્રભુમાં તમને ઘટે છે તેમ તમે પોતાના પતિઓને આધીન રહો, પતિઓ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો અને તેઓ પ્રત્યે કઠોર ન થાઓ. છોકરાં તમે દરેક બાબતમાં તમારા માબાપની આજ્ઞાનું પાલન કરો, કેમ કે તે પ્રભુને ગમે છે. પિતાઓ, તમે તમારા છોકરાંને ન ચીડવો, રખેને તેઓ નિરાશ થાય." (કલોસી ૩ : ૧૮-૨૧)*

**પ્રસ્તાવના :** *મજબૂત કુટુંબ મજબૂત રાષ્ટ્રમાં પરિણમે છે. એ પ્રમાણે ભાંગેલુ કુટુંબ ભાંગેલા રાષ્ટ્રમાં પરિણમે છે. જો આપણે શેતાનને આપણા કુટુંબોનો નાશ કરવા પરવાનગી આપીએ, તો તે સફળતાપૂર્વક રાષ્ટ્ર તરીકે આપણો નાશ કરશે. અમેરિકા દેશ ધાર્મિક સિધ્ધાંતો પર સ્થપાયો હતો અને તે એક મહાન અને સમૃધ્ધ રાષ્ટ્ર બન્યું તેમ છતાં ખ્રિસ્તી તંતુઓ કે જેણે આ દેશને એખ સાથે બાંધી રાખ્યો છે, તે આપણી શાળાઓમાંથી, આપણાં ઘરોમાંથી દૂર થઈ ગયો છે અને આપણી સરકારમાં શોધવો મુશ્કેલ છે.*

*આપણે જીવનના મૂળ તરફ પાછા ફરવાની જરૂર છે અને ઘરના સભ્ય તરીકે ઈશ્વરે આદેશ આપેલી જવાબદારીઓ શું છે તે શીખવાની જરૂર છે. આ પ્રકરણ જે સિધ્ધાંતો ઈશ્વરે પોતે આપણને આપ્યા છે કે જે તમને એકલી વ્યક્તિ તરીકે તથા તમારા લગ્નમાં અને બાળ ઉછેરમાં સફળતા અપાવશે. તે શીખવવા તૈયાર કરવામાં આવ્યું છે.*

## લગ્નનું ઉદ્‌ગમસ્થાન

(૧) *ઉત્પતિ ૨ સુધી, જે બધું ઈશ્વરે સૃજ્યું તે સારું હતું. તેમ છતાં, ઉત્પત્તિ ૨ : ૧૮ માં ઈશ્વરે કહ્યું કે કંઈક સારું ન હતું તે શું હતું ?*

.........................................................................................

(૨) *શા માટે માણસ તેના મા - બાપને છોડી દેશે ? (ઉત્પત્તિ ૨ : ૨૪)*

.........................................................................................

*"એક દેહ" તેઓના જાતિય, આત્મિક અને ભાવનાશીલ જોડાણની વાત કરે છે. જે ઈશ્વરે માત્ર એક પુરૂષ અને એક સ્ત્રી વચ્ચે લગ્ન માટે અલગ રાખ્યું છે.*

(૩) *ઈશ્વર છૂટાછેડા (મૂકી દેવા) વિશે કેવું અનુભવે છે ? (માલાખી ૨ : ૧૫-૧૬)*

.........................................................................................

(૪) *તેમ છતાં છૂટાછેડાને નીચેના કારણોસર છૂટ આપી ચે.*

(અ) ............................................ (માત્થી ૫ : ૩૨)

(બ) ............................................ (૧ કરિંથી ૭ : ૧૫)

તમારા નવાં જન્મના અનુભવ પહેલા જો તમે છૂટાછેડામાં સંડોવાયેલા હતા. તો તે તમારા જૂના જીવનનો ભાગ છે. જો તમે ફરી વખત લગ્ન કરવાનું ઈચ્છો છો તો તમારા પાળક સાથે આ બાબતે ચર્ચા કરો.

(૫) ઘણાં લોકો આજે ઘરો બાંધી રહ્યાછે. આ ઘરો ટકી રહેવા સુરક્ષિત નથી. જો બહારના તત્વો તેની વિરૂધ્ધ ફાવી જાય. એક ઘર છે જે આપણે બાંધી શકીએ કે જે આ જીવનની કોઈપણ કસોટી તથા તોફાનમાં ટકી શકે છે. કેવી રીતે આપણે આ ઘર બાંધવું જોઈએ ? (માત્થી ૭ : ૨૪-૨૭)

.........................................................................................

(૬) આજ્ઞાની એક સાંકળ છે. જેનો ઈશ્વર દ્વારા આદેશ અપાયો છે. માત્ર એક રીતે આપણે શાંતિથી અને સંવાદીપણે જીવી શકીએ.

જો આપણે અધિકારને આધીન થઈએ જે ઈશ્વરે આપણાં ઉપર રાખ્યો છે.

નીચેના વચનના સંદર્ભો વાંચ્યા પછી, ઈશ્વરે આજ્ઞા આપી છે તે પ્રમાણે નીચેનાને ક્રમમાં જણાવો.

(૧ કરિંથી ૧૧ : ૩, કલોસી ૩ : ૧૮, ૨૦)

(અ) ................................................ બાળકો

(બ) ................................................ પતિ

(ક) ................................................ ઈશ્વર

(ડ) ................................................ પત્ની

મુખ્ય હોવું તેનો અર્થ એ નથી કે અધિકાર જમાવવો, પણ તેનાથી ઊલટું, તમારે કુટુંબ સંબંધિત જે નિર્ણયો કરવામાં આવે છે તેની જવાબદારી ઉઠાવવી.

## પતિની જવાબદારીઓ

**પત્ની પ્રત્યે :-**

(૧) કેવી રીતે પતિએ તેની પત્ની સાથે વર્તવું જોઈએ ? (૧ પિત્તર ૩ : ૭)

.........................................................................

(૨) પતિઓએ તેઓની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જેમ ખ્રિસ્તે મંડળી પર ........................ રાખ્અયો. (એફેસી ૫ : ૨૫)

(૩) પતિઓએ તેઓની પત્નીઓની સારસંભાળ રાખળી જોઈએ, અને પાલનપોષણ કરવું જોઈ. જેમ તેઓ પોતાના ....................... નું કરે છે. (એફેસી ૫ : ૨૮ - ૩૩)

## સફળ પતિ માટેના ૮ સૂચનો

(૧) પવિત્ર પ્રાર્થનામય જીવનના ટેકા દ્વારા ઘરનાં આત્મિક આગેવાન બનો.

(૨) તમારી જવાબદારીઓની ફરજમાંથી છટકીને તમારી પત્ની પર ના નાખો.

(૩) બાળકોને શિસ્તમાં રાખવા તમારી પત્નીને ટેકો આપો.

(૪) તમારી પત્નીની પ્રશંસા કરો અને આભારી ભાવ દર્શાવો.

(૫) તમારાં નિમિત સાધનોમાં જીવો, દેવું ના કરો.

(૬) સંવત્સરીઓ (એનીવર્સરી) અને બીજા ખાસ પ્રસંગોને યાદ રાખો.

(૭) ઘરનાં જરૂરી સમારકામને અવગણશો નહિ.

(૮) તમારી નજર "માત્ર" તમારી પત્ની ઉપર જ રાખો.

## બાળકો પ્રત્યે

(૧) "છોકરાં તો યહોવાનું આપેલું ધન છે. ... તેઓ (બાળકો) વડે જેનો ભાથો ભરેલો છે." (ગીતશાસ્ત્ર ૧૨૭: ૩ -૫) ................................................

(૨) માર્ક ૧૦ : ૧૩-૧૬ માં ઈસુએ બાળકો પ્રત્યે તેમનાં પ્રેમ અને કાળજી દર્શાવી. કેવી રીતે તે બાળકો સાથે વર્ત્યા?

..........................................................................................

બાળકોને માટે સમય ન કાઢવા બદલ તેમણે કોને ઠપકો આપ્યો ?

................................................

(૩) આપણને આપણાં બાળકોને ઈશ્વરની આજ્ઞાઓ ........................ ની આજ્ઞા આપવામાં આવી છે. (પુનર્નિયમ ૬ : ૭)

(૪) જો આપણે આપણાં બાળકોને ઈશ્વરના માર્ગમાં ચાલવાનું ........................ આપીશું, તો આપણા બાળકો વિશ્વાસમાંથી ........................ નહિં. (નીતિવચનો ૨૨ : ૬)

(૫) આપણી જવાબદારી આપણાં બાળકોને ........................ કરવાની છે. જ્યારે તેઓ ગેરવર્તન કરે છે. (નીતિવચનો ૨૨ : ૧૫)

(૬) જ્યારે બાળકને સ્વતંત્ર મૂકી દેવામાં આવે છે, ત્યારે શું થાય છે ? (નીતિવચનો ૨૯ : ૧૫)

.........................................................................

(૭) પિતાઓને તેમના *છોકરાંઓને ........................ ની નહિ, પણ પ્રભુના ........................

માં તથા ...................... માં ઉછેરવાની સૂચના આપવામાં આવી છે. (એફેસી ૬ : ૪)

* પિતાઓ જે તેમના બાળકોને ચીડવે છે તેમના બાળકોને સખતાઈથી અને ક્રૂરતાથી શિક્ષા કરે છે.

(૮) તમે મંડળીમાં અધ્યક્ષનો હોદ્દ લો, એ પહેલાં તમારે બતાવવું જ જોઈએ કે તમે તમારા પોતાના ઘરનાને સારી રીતે ચલાવવા અને તમારા છોકરાંને તમારી ...................... માં રાખવા શક્તિમાન છો. (૧ તિમોથી ૩ : ૪-૫)

(૯) માતા પિતાને તેમના બાળકોને દુષ્ટતા કરતાં રોકવાની તથા અંકુશમાં રાખવાની આજ્ઞા આપી છે. શા માટે ઈશ્વરે એલી અને તેના ઘરનો ન્યાય કર્યો? (૧ શમૂએલ ૨ : ૨૨...૩:૧૩)

..................................................................

(૧૦) હિબ્રૂ ૧૨ : ૫-૧૧ વાંચો તમારા બાળકોને શિક્ષા કરવી એ તેમને દર્શાવે છે કે, તેઓ પાસે માતા - પિતા છે. જે તેમની કાળજી રાખે છે એ જ રીતે આપણાં જીવનોમાં ઈશ્વરની શિક્ષા એ જ સાબિત કરે છે કે આપણે સાચે જ તેના બાળકો છીએ.

કલમ ૧૧ માં, જો કે શિક્ષા વ્યથાકારક છે, તો પણ એ શું ઉત્પન્ન કરે છે?

## બાળ ઉછેરના ૮ સૂચનો

(૧) બાળકોને સરહદ (નિયમો) ની જરૂર હોય છે. જે તેમને સુરક્ષા આપે છે.

(૨) નિયમો બનાવો એ પહેલા વિચારો અને તેને વળગી રહો.

(૩) તમારા બાળકોને જવાબદારીઓ સોંપો માટે તેઓ સમજે કે વસ્તુઓ તેમના દ્વારા થતી નથી.

(૪) બદલો આપો. આપણે કામ ઉપર જઈશુ નહિ જો આપણને વેતન ના મળે.

(૫) તેઓ શું કહે છે તથા કરે છે તે માટે બાળકોને જવાબદાર ઠરાવવા જ જોઈએ. તમારા બાળકને જણાવો કે પરિણામો શું હશે. સ્વતંત્રતા લઈ લેવી. કેટલીક વખત ધાર્યા કરતા વધારે સારી રીતે વધુ અસરકારક બની શકે છે.

(૬) બાળકે સાંભળો, શિસ્તમાં લાવતા પહેલા તેઓની વાત સાંભળો.

(૭) શિસ્તમાં લાવ્યા પછી હંમેશા તમારા બાળકને ફરીવાર ખાતરી આપો કે તમે તેને / તેણીને પ્રેમ કરો છો.

(૮) તમારાં બાળકોને માન આપો. જાહેરમાં ઉતારી ના પાડશો.

# પત્નીની જવાબદારીઓ

પત્નીની પ્રાથમિક જવાબદારી પોતાની જાતને, પોતાનો સમય અને પોતાની શક્તિ તેના પતિ, બાળકો અને ઘરને આપવાની છે.

પતિ પ્રત્યે :-

(૧) પત્નિએ તેના પતિને ......................આપવું જ જોઈએ. (એફેસી ૫ : ૩૩)

(૨) પત્નિએ તેના પતિને ...................... રહેવું જોઈએ. જેમ પ્રભુમાં રહે છે તેમ. (કલોસી ૩ : ૧૮)

* આનો અર્થ એમ કે જો પતિ તમને કંઈક એવું કરવાનું કહે છે જે દેવના વચનની વિરૂધ્ધ જાયછે, તો તમે ઈશ્વરને આધીન થાઓ. (આજ્ઞા માનો)

(૩) નીતિવચનો ૩૧ : ૧૨ આપણને કહે છે કે પત્નીએ તેના પતિનું પોતાના આવરદાના સર્વ દિવસો પર્યંત ...................... કરવું જોઈએ અને ...................... કદી નહિ.

(૪) નીતિવચનો ૨૧ : ૧૯ સ્પષ્ટપણે જણાવે છે કે ...................... તથા ...................... સ્ત્રીની સંગત કરતાં ઉજજડ પ્રદેશમાં જઈ રહેવું સારું છે.

(૫) કેવી રીતે વિનમ્ર સ્વભાવ અવિશ્વાસી પતિને ઈશ્વર પાસે લાવે છે ? (૧ પિત્તર ૩ : ૧-૬) (કલમ ૪)

..................................................................................

..................................................................................

**તેના ઘર પ્રત્યે :-**

(૧) પત્નિએ મર્યાદાશીલ (આડંબર નહિ) નિર્મળ (શુધ્ધ) ......................, ...................... કરનારી માયાળુ તેમના પતિને આધીન રહેનારી થવું જોઈએ. (તિતસ ૨ : ૫)

(૨) ઈશ્વરની યોજના જુવાન સ્ત્રીઓ માટે એ છે કે તેઓ પરણે, બાળકોને જન્મ આપે અને ......................, ...................... (૧ તિમોથી ૫ : ૧૪)

(૩) "દરેક ડાહી સ્ત્રી પોતાના ઘરની ...................... વધારે છે, પણ ...................... પોતાના જ હાથથી તેને તોડી પાડે છે." (નીતિવચનો ૧૪ : ૧)

સ્ત્રી તેનું ઘર બાંધી શકે એના માર્ગો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

સ્ત્રી તેનું ઘર તોડી શકે એનાં માર્ગો જણાવો.

..................................................................................

.....................................................................................

.....................................................................................

(૪) નીતિવચનો ૩૧ વાંચો. તે સદ્‌ગુણી સ્ત્રીના લક્ષણો વર્ણવે છે. તે આળસુ નથી, પણ તેના ઘરનાની કાળજી રાખનાર, ડહાપણ અને તાકાતથી ભરપૂર કાર્યરત સ્ત્રી છે. કલમ ૩૦ માં આપણને જાણવા મળે છે કે મોહ અને લાવણ્ય છેતરનારા છે, અને સૌંદર્ય વ્યર્થ છે. (કારણકે તે ટકતું નથી) પણ કેવા પ્રકારની સ્ત્રી તેના પતિની નજરમાં તેના બાળકો અને ઈશ્વરની નજરમાં વખાણ પામશે ?

## સફળ પત્ની માટેના દસ સૂચનો

(૧) ઘરને સ્વર્ગ બનાવો.

(૨) બાળકોની આગળ તમારા પતિને ટેકો આપો.

(૩) તમારા પતિની પ્રશંસા કરો અને તેમને કહો તમે તેમને પ્રેમ કરો છો.

(૪) તમારા પતિના મદદગાર સાથી બનો.

(૫) તમારા પતિને અણધારી ભેટ આપો.

(૬) બીજાઓ સાથે તમારા પતિની સરખામણી કરવાનું ટાળો.

(૭) તમારા પતિની કાર્યક્ષમતાઓને ઉત્તેજન આપો.

(૮) તમારા પતિ સાથે મતાંતરને ખાનગી રાખો.

(૯) તમારા પતિને તે જે છે તેના માટે સ્વીકારો.

(૧૦) તમારા પતિ માટે પ્રાર્થના કરો.

## અપરણિત / એકલા માતા / પિતા

(૧) કોણ એકલી સ્ત્રીનો પતિ બને છે ? (યશાયા ૫૪ : ૪-૬) ...............................................

(૨) કોણ અનાથ બાળકોનો પિતા બનવાનું વચન આપે છે ? (ગીતશાસ્ત્ર ૬૮ : ૫)

.....................................................................................

(૩) વિધવાઓ તથા એકલા માતા / પિતા માટે ઈશ્વરને ખૂબ ચિંતા છે.

તે તેને ....................... (ગીતશાસ્ત્ર ૧૪૬ : ૯)

તે તેની ....................... રહેશે. (ગીતશાસ્ત્ર ૩૪ : ૧૮)

જ્યારે તે પ્રાર્થના કરશે ત્યારે તે તેનું ....................... (નિર્ગમન ૨૨ : ૨૨-૨૪)

(૪) હાગાર, જેણે ઈબ્રાહીમના દિકરા ઈસ્માએલને જન્મ આપ્યો તે ત્યજી દેવાયેલી એકલી માતા બની. તેમ છતાં

*ઈશ્વર તેના અને તેના દિકરા માટે પુરું પાડનાર બન્યા. હાગારની નિરાશાની ક્ષણમાં, ઈશ્વરે તેને આશા આપી.*

*તેણે તેને શું વચન આપ્યું ? (ઉત્પત્તિ ૨૧ : ૧૭-૧૮)*

........................................................................................

........................................................................................

*તેણે માત્ર તેના દિકરાના ભવિષ્યમાટે આશા આપી એટલું નહિ, પરંતુ તેમણે તેઓની તાત્કાલિક જરૂરિયાત પૂરી પાડી. કેવી રીતે ? (કલમ ૧૯)*

........................................................................................

(૫) *જો હાલમાં તમે અપરણિત છો અને પતિ / પત્નીની ઈચ્છા રાખો છો, તો એ અગત્યનું છે કે તમે એની પસંદગી કરો જે વિશ્વાસમાં છે અને બહારનું નથી.*

*૨ કરિંથી ૬ : ૧૪ આપણને ...................... ઝૂંસરીમાં એક સાથે રહેવાની ચેતવણી આપે છે, (એનો અર્થ સુમેળમાં રહેવું અને સરખુ સન્માન વહેંચવુ અને ઈશ્વરના વચન પર પાકી ખાતરી રાખવી.)*

(૬) *શું એ શક્ય છે બે જણાને લગ્નનાં કાયમી કરારમાં બાંધવા જે સન્માન અને નૈતિકતાના ક્ષેત્રમાં સહમત થતા નથી ? (આમોસ ૩ : ૩)* ........................................................

(૭) *શા માટે ઈશ્વરે તેમના લોકોને અવિશ્વાસીઓ સાથે લગ્ન કરવાની મનાઈ ફરમાવી હતી ? (પુનર્નિયમ ૭ : ૩-૪)* ........................................................

(૮) *સુલેમાનના હૃદયને શું થયું જ્યારે તેણે બીજી અવિશ્વાસી સ્ત્રીઓ સાથે સંબંધ રાખ્યો ? (૧ રાજા ૧૧ : ૪)*

........................................................................................

(૯) *અપરણિત વ્યક્તિ તરીકે, તમારે એકલતા અને ગમગીની અનુભવવાની નથી જ્યારે તમે જેની ઈચ્છા રાખો છો તે પાત્રને ઈશ્વર તમારા સુધી લાવે ત્યાં સુધી ઈશ્વરની રાહ જુઓ.*

*ઈશ્વર કહે છે કે જો તમે ...................... તો તે તમારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે. (ગીતશાસ્ત્ર ૩૭ : ૪)*

## સારાંશ

*લગ્ન એ અનેક મૂળભૂત દૈવી સંબંધોનો માનવીય પદાર્થપાઠ છે. ઈશ્વરનો ઈઝરાયેલ સાથે સંબંધ, ઈશ્વરનો માનવ જાતિનો ઉધ્ધાર અને ખ્રિસ્તનો મંડળી, તેની કન્યા સાથે સંબંધ.*

*પરણિત દંપતિ પાસે તેઓના લગ્નમાં આ સંબંધો દર્શાવીને ઈશ્વરના સત્યના જીવંત પત્ર બનવાની અનન્ય તક અને જવાબદારી છે. એ પ્રમાણે બાળકો અને અપરણિતો તેમના બીજાઓ સાથેના સંબંધોમાં તેઓના નમૂના*

વડે ઈશ્વરનું સત્ય દર્શાવી શકે.

ઈશ્વર તેમની કન્યાને હલવાનના તે મહાન લગ્ન જમણ માટે તૈયાર કરી રહ્યા છે તે "કન્યા" ને ડાઘ તથા કરચલી વિનાની તથા એવી કોઈ વસ્તુ, પરંતુ તે પવિત્ર અને ખામી વિનાની હોવી જોઈએ. એ બોલાવી રહ્યા છે તેથી તે મહિમાવંત કન્યા બનવા ચાલો આપણે તનતોડ મહેનત કરીએ અને આપણી જાતોને ડાઘ વિનાની અને હૃદયમાં નિર્મળ રાખીએ.

## ઉત્તરો

**લગ્નનું ઉદ્‌ગમસ્થાન**

(૧) માણસ એકલો રહે તે સારું નથી.

(૨) એક દેહ થવા

(૩) તે તેને ધિક્કારે છે.

(૪) (અ) વ્યભિચાર

(બ) અવિશ્વાસી માણસ અલગ રહેવા માંગે.

(૫) ખડક (ઈસુ ખ્રિસ્ત) ના પાયા પર

(૬) (અ) ઈશ્વર

(બ) પતિ

(ક) પત્ની

(ડ) બાળકો

**પતિની જવાબદારીઓ**

**પત્ની પ્રત્યે :-**

(૧) માનથી

(૨) પ્રેમ

(૩) દેહ

**બાળકો પ્રત્યે :-**

(૧) તેને ધન્ય છે.

(૨) તેઓને બાથમાં લીધા ને તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ દીધો.

(૩) તેના શિષ્યોને શીખવવા.

(૪) શિક્ષણ, ખસશે

(૫) શિક્ષા

(૬) મા ફજેત થાય છે.

(૭) ચીડવવા, શિક્ષણ, બોધ

(૮) આધીનતા

(૯) કારણકે એલીએ તેના છોકરાંઓને વાર્યા નહિ, ઠપકો આપ્યો નહિ જ્યારે તેણે જાણ્યુ કે તેઓ પાપ કરતા હતા.

(૧૦) ન્યાયીપણાના શાંતિદાયક ફળ

**પત્નીની જવાબદારીઓ**

**પતિ પ્રત્યે :-**

(૧) માન

(૨) આધિન

(૩) ભલુ, ભૂંડુ

(૪) કજિયાખોર, ચિડિયલ

(૫) તે અંતઃકરણાં રહેલા ગુપ્ત મનુષ્યત્વ એટલે દાન તથા નમ્ર આત્મા જોશે જે તેને આકર્ષશે.

**તેના ઘર પ્રત્યે :-**

(૧) ઘરના, કામકાજ

(૨) ઘર ચલાવે

(૩) આબાદી, મૂર્ખ

તેના પતિની પ્રશંસા કરીને

તેના પતિને માન આપીને

તેના પતિને આધીન રહીને

તેના પતિની ટીકા કરીને

તેના પતિની ફરિયાદ કરીન

કજિયાખોર બનીને

(૪) જે સ્ત્રી યહોવાનો ડર રાખે છે તે.

**અપરણિત / એકલા માતા પિતા**

(૧) યહોવા

(૨) ઈશ્વર

(૩) સંભાળશે, પાસે, સાંભળશે

(૪) તે તેનાથી મોટી કોમ ઉત્પન્ન કરવાનું જ્યારે કોઈપણ ના મળ્યુ ત્યારે પાણી પુરું પાડ્યું.

(૫) સમાન

(૬) ના

(૭) તેઓ તેઓના હૃદયોને ઈશ્વરની સેવા કરવાથી ફેરવી નાખશે.

(૮) તેનું હૃદય ઈશ્વર પ્રત્યે હવે સંપૂર્ણ ન હતું.

(૯) યહોવામાં આનંદ કરશો.